# સિદ્ધહૈમશબ્દાનુશાસન—લઘુવૃત્તિ

## પ્રથમ અધ્યાય

### પ્રથમ પાદ

મંગલાચરણ—

प्रणम्य परमात्मानं श्रेयःशब्दानुशासनम् ।
आचार्यहेमचन्द्रेण स्मृत्वा किञ्चित् प्रकाश्यते ॥

પ્રણમીને પરમાત્માને, શ્રેય શબ્દાનુશાસન;
શ્રી હેમચંદ્ર આચાર્ય, પ્રકાશે સ્મરીને કંઈ.

## अर्हम् ॥१।१।१॥

મંગલ—

'अर्हम्' એ પ્રમાણેનું અવ્યય અક્ષર છે – કદી નાશ પામનારું નથી. તે અવ્યય પરમ સ્થાને રહેલા – મુક્ત દશાને પામેલા એવા પરમેશ્વરનું બોધક – વાચક છે. અને એમ છે માટે જ તે અક્ષર છે – કદી નાશ પામનાર નથી. પરમેશ્વરના વાચક એવા એ અક્ષરનું અમે આ શ્રેયશબ્દાનુશાસનનો[1] પ્રારંભ કરતાં સર્વપ્રથમ મંગલને[2] માટે એકાગ્રચિત્તે ધ્યાન કરીએ છીએ.

---

૧. શ્રેય – શ્રેય કરનાર. શબ્દાનુશાસન – શબ્દોનું શાસ્ત્ર. શબ્દો તમામ જાતના વ્યવહારનું સાધન છે. એમના વિના લોકોનો તમામ વ્યવહાર અટકી પડે એમ છે. માટે જ શબ્દના શાસ્ત્રને લોકોનું શ્રેય કરનાર કહેલ છે.

૨. જો કે अर्हम् અવ્યય ખાસ કરીને જૈન પરંપરામાં વિશેષ પ્રસિદ્ધ છે, પણ બૌદ્ધ પરંપરામાં अरहा શબ્દ જાણીતો છે અને વૈદિક પરંપરામાં વિષ્ણુના બોધકરૂપે अर्ह શબ્દનો નિર્દેશ 'વિષ્ણુસહસ્રનામ'માં આવેલો છે. તથા આચાર્ય હેમચંદ્રના કહેવા પ્રમાણે अर्हम् નો આદિ 'अ' વિષ્ણુનો, 'र्' બ્રહ્માનો અને 'ह' હર – મહાદેવનો સૂચક છે. તથા અન્ત્યનો 'म्' ઓનો અથવા મુક્તભાવનો સૂચક છે એટલે अर्हम् પદ તમામ ધર્મોના તથા તમામ સંપ્રદાયોના ઇષ્ટદેવોનું સૂચક છે. એટલે કોઈપણ ધર્મ કે સંપ્રદાયોનો વિદ્યાર્થી આ પદને પોતપોતાના ઇષ્ટદેવનું બોધક સમજીને તેનું મંગલ માટે એકાગ્રચિત્તે ધ્યાન કરી શકે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org